ૐ

વ્યાસ. મગનલાલ કૃત.

ઊંટડીયા મહાદેવનો ગરબો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વ્યાસ. મગનલાલ દયારામ પંડયા.

દોહરો.

ઊંટડીયા માહાદેવનો, ગરબો ગાશે જેહ,
ત્રીવિધીના તાપથી, તર્ત ટળે જન તેહ.

સવત ૧૯૬૦ ની માહા શિવરાત્રી.

અમદાવાદ.—"વિજય પ્રવર્ત્તક" પ્રેસ.

પ્રત. ૧૦૦૦.

કીંમત. ૦-૦-૬

ઓ વાંસલડી; વેરણ થઈ લાગીરે એ રાગ.

ધન્ય ઊંટડીયા, અરણ્યમા એકલડા તમને કયમ ગમે,
વનમાં પડીયા, વાત્રક ત્રટમા વહાલા વાસ કરી તમે. ટેક.
મઠ ફરતી જબરી છે ઝાડી, એ ઝાડી તો ઝાઝી ઘાડી,
છે વાત્રકની આગળ ખાડી. ધન્ય ઊંટડીયા ૧
વળી વાઘ વરૂ છે એ વનમા, બહુ ત્રાસ કરાવે તેતનમા,
મુઝામણ એ મારા મનમા ધન્ય ઊંટડીયા. ૨
ચડમા કોતર ખેંચો ખાડા, ઉપર નાખી પથ્થર આડા,
ત્યાં શી રીતે કહાડો દહાડા ધન્ય ઊંટડીયા. ૩
ત્યા પશુ પક્ષી બહુ સોર કરે, જ્યાં નિશિએ નિશાચરો ફરે,
તે દેખી સઉનાં ટીવ ડરે ધન્ય ઊંટડીયા. ૪
ચોમાસે વાત્રક નદી તણા, ઘુગવાટા પુરના થાય ઘણા,
ભેગા ભણકારા મેઘ તણા. ધન્ય ઊંટડીયા. ૫
એ વનમાં છે ભારે ભોથાં, અંદર મારે વનચર ગોથા,
જ્યાં પડયાં પાદડાંનાં થોથાં. ધન્ય ઊંટડીયા. ૬
એ વાત બધી ભોગીની કહી, પણ ડર જોગીને લાગે નહિ;
તે માટે તમને ગોઠયું તહીં. ધન્ય ઊંટડીયા. ૭
જે સદા કાળ તમ પાસ રહે, તે જન્મ મરણ ફરીથી નલહે;
એ વ્યાસ મગન કર જોડી કહે. ધન્ય ઊંટડીયા. ૮

ઊંટડીયા મહાદેવનો ગરબો.

અલબેલીરે અંબે માત જોવાને જઇએ એ રાગ.

ધન્ય ઊંટડીઆ માહાદેવ, શોભા બહુ સારી,
સઊ કરે તમારી સેવ, તમ પર જાઉ વારી. ટેક.
ભરતખંડમાં ભોળા શંભુ, દેસાન્તર પ્રખ્યાતરે.
ઉત્તર દક્ષિણ પુર્વ નેં પશ્ચિમ, પાવન થઇ ગુજરાત. શોભા. ૧
ઊંટડીયા માહાદેવ તમારો, મહીમા ગામોગામરે,
ભગવિ ધ્વજાવાળા ધરણિમાં, નવે ખંડમા નામ. શોભા. ૨
સરિતા સુંદર નિર્મળ જળની, વાત્રક જેનુ નામરે,
તેહ નદીના ઘડા ઉપરે, માહાદેવે કર્યો મુકામ. શોભા. ૩
તીર ઉપર છે ઊંચો ટેકરો, જાણે પર્વત મેરૂરે;
તે પર્વત પર મેતો દીઠુ, દિવ્ય તમારૂ ડેરૂ. શોભા. ૪
વાત્રક ત્રઠ ઉપર મઠ મોટો, જેને ફરતો કોટરે.
દરવાજો દુરથી દીઠો મે, ખુબીમાં નહીં ખોટ. શોભા. ૫
દરવાજાનાં દ્વારો જોયાં, જુક્તે કર્યાં જડાવરે,
સુથાર ઉમદી અકલવાળો, હશે કોઇ ઉમરાવરે. શોભા. ૬
દરવાજેથી ઠેઠ પગથીયાં, છેક નદીની તીરરે,
પાણીમાં પડથાળ કર્યોછે, ન્હાવા નિર્મળ નીર. શોભા. ૭
અલબેલો ઉઆરો બાંધ્યો, સઉને નહાવા માટરે,
નહાતાં પ્રાયશ્ચિત થાય નિવારણ, જાણે ગંગા ઘાટ. શોભા. ૮

ઊઆરેથી મધ્ય નદીમાં, દેવળ દીઠું એકરે,
મંમાયાની માંહી મ્હોર્તિ, ઠીક કર્યો વિવેક. શોભા. ૯
પાણીછટ પાયો નાખી, ચોતરો કર્યો ચોફેરરે.
દેવીનુ દેવળ તે ઉપર, ઠીક કર્યું તે ઠેર. શોભા. ૧૦
ઊત્તર દિશા સનમુખ દેવી, બિરાજ્યાં બળદાળીરે,
દેવીના દ્વારે ભાળીયે, જુક્તી વાળી ઝાળી. શોભા. ૧૧
ડેરી ઉપર પણ દેવો છે, ફરતાં ઠામો ઠામરે,
દુનિયામાં એ ડેરીનુ તો, દેવડુગરી નામ. શોભા. ૧૨
અખિલ વિશ્વમાએ મમાયા, મન વાન્છિત ફળ આપેરે,
કેનાં વઝા મેણું ટળીયાં, એ દેવી પરતાપે. શોભા. ૧૩
જેકો જન ઇચ્છાથી જેવી, માની બાધા રાખેરે,
સહુજ વાતમાં સંકટ કાપી, અમિના છાંટા નાખે. શોભા. ૧૪
કઈ બાળકની બાધા રાખે, ઊંટડીએ લઇ જાયરે,
દેવ ડુંગરી આગળ આવી, વાળ વડા ત્યાં થાય. શોભા. ૧૫
સઊ પ્હેલાં દેવીનાં દર્શન, કરશે વાત્રક ત્રઠમાંરે,
ત્યાર પછીથી સઊકો જાશે, ઊંટડીયાના મઠમાં. શોભા. ૧૬
દરવાજો એ મઠની આગળ, તેપર નોબત વાજેરે,
ઘંટાને ઘડીઆળ તણા ત્યાં, શબ્દ ગગનમાં ગાજે. શોભા. ૧૭
ઊચા ટેંબે ઊંટડીયાનો, એ મઠમાં મુકામરે,
અલબેલુ અવનિમાં એતો, ઘોરીંધર છે ધામ. શોભા. ૧૮
ધન્ય ધામના કરાવનારા, ધન્ય ધન્ય તુજ દામરે,
ધન્ય દેવળના કરનારા, એ બેનાં અવિચળ નામ. શોભા. ૧૯

ધન્ય દ્રવ્ય તેં પેદા કીધું, ધન ધન બુદ્ધિ તારીરે.
ધન્ય જનમ ધરિયો ધરણિ તુજ, કરણિની બલિહારી. શો. ૨૦
ધન ધન તારાં માતપિતાને, ધન ધન તારી જાતરે,
કરણુ સમી કિર્તિ સાથે તુજ, નામ રહયુ પરભાત. શોભા. ૨૧
પૃથ્વિમાં જે પ્રાણુ સમુતે, પાસેથી પરહરીયુંરે,
દેવ તણા દેવળ માટે વિત્ત, વારી સમ વાવરીયુ શોભા. ૨૨
દુનિયામાં એ દેવળ જેવુ, અવનિમાં નહીં એવુરે,
શુ અમરાપુરથી પધરાવ્યુ, જગમાં જોવા જેવુ. શોભા. ૨૩
દેવ તણુ એ દેવળ છે ને, દેવે કરીયુ જાંણેરે,
વિશ્વકરમાયે કીધેલુ શું, આવી એ ઠેકાંણે. શોભા. ૨૪
કે કારીગર દેવ સમોશુ, કોઇક હશે સલાટરે;
શિલ્પ સાસ્રના આધારે સૌ, ઠિક મચાવ્યો ઠાઠ. શોભા. ૨૫
તરેહ તરેહની ડેરા અદર, નાંખી પથ્થર છાટરે,
ચોફેર ચુના ગચ્છી કીધી, ગણુાક ઘડીઆ ઘાટ. શોભા. ૨૬
ગગન વિશે ગાજતુ ડેરૂ, ઉપર શિખર શોભેરે;
ઘુમટમાં ગરકાવ જોઇને, મનડુ મારૂ લોભે. શોભા. ૨૭
મદિરની અદર ઘુમટમાં, રૂડો કાઢયો રાસરે;
રમણુ કરે છે રાધાકૃષ્ણ, એક એકની પાસ. શોભા. ૨૮
કામ અડાબિડ કર્યું ચિત્રનુ, વિચિત્ર મુજને ભાસેરે;
જાતે જઇ કો જોશે ત્યારે, ખરી ખાતરી થાશે. શોભા. ૨૯
ડેરામાં ચોફેર ચતુરાઇથી, ચિત્રો સો ચિતરીયાંરે;
બહુ બહુ બંગે અને ઉમગે, રૂડા રંગે ભરીયાં. શોભા. ૩૦

અલકાપુરથી આવેલા શું, એહ હશે ચિતારારે;
કે અવનિના અલબેલા એ, નહિં મન હરનારા. શોભા. ૩૧
પશુ પક્ષિ અંદર દરસ્યાં મે, દરસ્યાં પૃથ્વિ પહાડરે;
આબેહુબ જંગલ સમ ચિતરી,વનસ્પતિ ભાર અઢાડ.શોભા.૩૨
ખરે ખરી ખુબી દેખીને, મુજ મન પોચ્યા કોડરે,
ખલક તણો સઊ ખેલ રચ્યો છે, મળે ન ખાંપણ ખોડ.શોભા.૩૩
દેવળ જેથી દિપી ઊઠયુ, ભારે ભભકા ભેરરે,
તેની અંદર પંચ દેવને, પધરાવ્યા શુભ પેર. શોભા. ૩૪
જાતાં જમણી બાજુ જોયા, ગૌરીપુત્ર ગણેશરે,
શુભ કામમાં સઊથી પેલા, પુજાય જે હમેશ. શોભા. ૩૫
પદ્માસન વાળી બેઠા છે, શુદ્ધિ બુદ્ધિ સંગરે,
ગજદંતિ ગુણવંત્તાનુ છે, જોવા જેવુ અંગ. શોભા. ૩૬
આરૂઢ થાવા ઊંદર પાસે, ગુણ જેના છે ગુઢરે,
ફાંદની આગળ ફરી રહીછે, ડાભા જમણી સુંઢ. શોભા ૩૭
ભુશણુમાં સીંદુર સર્વાંગે, પિળુ પીતાંબર ધારીરે,
ફુંદાળા દુખ ભંજન કાવે, મોટા મંગળ કારી. શોભા. ૩૮
પહેલા કરમાં જળકમંડળ, બીજે મોદીક અહારરે,
ત્રિજા કરમાં ફરશી શોભે, ચોથે કર જપમાળ. શોભા. ૩૯
શીરની ઉપર પાઘ સોનેરી, કંઠે પુસ્પની માળરે,
આજુબાજુ ઊભા રાખ્યા, લક્ષ લાભ બે બાળ. શોભા. ૪૦
એવા ગણપતી સહાય તમને, વંદુ વારવારરે,
અરજ હમારી ઊરમાં ધરજ્યો, ઉમિયાના કુમાર. શોભા. ૪૧

તમ વીરા તમજેવું જેનું, અડાબીડછે અંગરે,
ડાબી બાજુ દીઠા મેંતો, માહુાબળીઆ બજરંગ. શોભા. ૪૨
વજ્ર કછોટો વાળી ઉભા, તેલ ને સીંદુર ચોળીરે;
અઢાડ પદ્મ દળ કપીનુ તેમાં, મુખ્ય એમની ટોળી. શોભા. ૪૩
ગુણ એમના ઘણા ઘણા છે, શી શી રાખુ નોંધરે;
રામચદ્રના ભક્ત ભલા, સીતાની લાવ્યા શોધ. શોભા. ૪૪
એ હનુમત્તા બહુ બળવત્તા, ગુણવત્તા ગભિરરે;
વજ્રદેહા વાયુ સુતે વસ્ય, કીધા શ્રીરઘુવીર. શોભા. ૪૫
તમને પણ ત્યા નમન કરે સૌ, ભિડભજન હનુમતરે;
બ્રહ્મચારી ભવ સકટ હરતા, ઋષિમાં એ સત. શોભા. ૪૬
ત્યાથી આગળ દેરા અદર, માંહિ મહાદેવ ઊટડીયારે;
પૃથિવમા ઊંડા દીઠા એ, જળાધારીમાં જડીયા. શોભા. ૪૭
પચ મુખ એ માહેશ્વરનાં, જટાને શિરપર ધારીરે;
ગગાજી બિરાજયાં અદર, તમ સગે ત્રિપુરારી. શોભા. ૪૮
વિષ હારી ત્રિ નેત્રીકાવો, કઠે માળા રૂઢરે;
સમયે ફરવા નદી ઉપર, આપ થતા આરૂઢ. શોભા. ૪૯
વિજીયાના ભોગી ભોળાને, ડાબી ખાધે ઝોળીરે;
ડાક ને ડમરૂ વાધ્ય તમારાં, વાલી વિભુતી ચોળી. શોભા. ૫૦
ભુત પ્રેતને ડાકેણ શાકેણ, એ સૌની તમ ટોળીરે;
સદાયે ભોળા ગેંગટ રહોછો, ગુણિયલ ગાંજો ઘોળી. શોભા. ૫૧
સકળ શ્રૃષ્ટીપર છે સમદ્રષ્ટી, ઘણાક ભક્તો તાર્યારે;
દેવોને જે દુઃખ દેનારા, તેવા દહીત વિડાર્યા. શોભા. ૫૨

ઊતકંટેશ્વર આ અવનિમાં, સઉને કીધુ સુખરે;
સમરણુ કરતાં સ્હેજ વાતમાં, દુર થાય સઉ દુઃખ. શોભા. ૫૩
દેવને દર્શન દુર્લભ એવા, દીઠા દીનાનાથરે;
વારવાર કરૂણુ વદન, જોડી બને હાથ. શોભા. ૫૪
ઊમીયાજી તમઆગળ બેઠાં, ડેરાની મોઝારરે,
આજુબાજુ દર્શન કરતાં, દીઠા દેવ અપાર. શોભા. ૫૫
છે કુર્માઅવતાર પ્રભુનો, નંદી આગળ તેહરે,
વિઘ્ન પડયું તમ વાહનને તવ, કરી વજ્રની દેહ. શોભા. ૫૬
પશુપતી તમ દર્શન કરતા, પતીત પાવન થાયરે;
અંત સમે ઊંટડીયા તમવિણુ, કોઈ કરે નહિ સહાય. શોભા. ૫૭
દેવાધીપતિ દેવ ઇદ્રપણુ, જપ્યો તમારા જાપરે,
ઈંદ્રાસનને પાંમ્યો અંતે, આપતણે પરતાપ શોભા. ૫૮
ચૌદ ચોકડી રાજ આપિયુ, રાવણુને ત્રિપુરારરે,
પણ કુમતથી તેણે ખોયુ, પુત્ર અને પરીવાર. શોભા. ૫૯
મારકંન્ડ આયુષ ચૌદ વરસનુ, લલાટ એવો લેખરે:
આયુષ તેને અધિકુ આપી, મારી લેખ પર મેખ શોભા. ૬૦
ભુત પ્રેતને તાપ ત્રિવિધી, પાપ તાપ પરીતાપરે,
પણ શંકરનું સમરણ કરતા, ભસ્મ થાય સહુ શ્રાપ. શોભા. ૬૧
શ્રીકૃષ્ણુને શંકર બન્યો, સૌ બ્રમાંન્ડના ભૂપરે,
એમાં કોઈ જુદા નવ જાણું, બંન્યો એક સ્વરૂપ. શોભા. ૬૨
એવા શિવશંકર ઊંટડીયા, વંદુ વારવારરે,
ગજુ ન મારૂ તમ ગુણુગાવા, શેષ ન પાંમે પાર. શોભા. ૬૩

શકુ ન અક્ષર એક ઓળખી, લખુ શું શબ્દો સાફરે,
બુદ્ધિહીણા બાળકની ભુલ્ય, મોટા કરશો માફ. શોભા. ૬૬
છે ડેરાની આગળ પાછળ, પડાળીઓની હારરે,
યાત્રાળુને માટે કીધી, જુક્તિ ઠારોઠાર. શોભા. ૬૭
કપડવણજ આતરસુબાના, મોટામોટા શેઠરે,
બારે માસે માહાદેવ આગળ, જઇને મુકે ભેઠ. શોભા. ૬૮
તે સેઠોએતો ત્યા આવી, ઊરમાં ઊલટ લાવીરે,
માહાદેવ મઠમાં ધર્મશળાવો, ઘોરીંધર બંધાવી. શોભા. ૬૯
ધનધન તેવાધૃવ્યવાનને, ધર્મનાં કીધાં કામરે,
ધરાની અંદર ધર્મે ધાયા, અવિચળ રાખ્યાં નામ. શોભા. ૭૦
દર પુનમ દર વ્યતિપાતના, બંધાવ્યા છે વારારે,
ધન્ય જક્તમાં જન્મ ધરીને, સફળ કર્યા જન્મારા. શોભા. ૭૧
વાત્રક ત્રટ એ મઠની પાછળ, ઝાઝાં દિસે ઝાડરે,
આજુબાજુ મોટી વાડયો, બહુ બેયોને ખાડ. શોભા. ૭૨
રાત પડે તો ડર લાગેને, ભયંકર ત્યાં ભાસેરે,
વાઘ વરૂ વણીયેરા, જાંણે, હવડાં આવી ખાશે. શોભા. ૭૩
એ વનમાં ઊટડીયા તમને, ગોઠયું છે શી પેરરે.
વાત્રક ત્રટમાં વહાલા વસિયા, મુકી મોટાં શહેર. શોભા. ૭૪
જક્ત વિશે જાબાલી રૂષિ, તે તમને ત્યાં લાવ્યારે,
ભક્ત ભાવથી ભોળા શંભુ, માટે વનમાં આવ્યા. શોભા ૭૫
એ વનમાં જાબાલી રહેતા, વાત્રક નદીની તીરરે.
બીજા પણ માહા મુનીઓ રહેતા, ન્હાવા નિર્મળ નીર. શો. ૭૬

જપ તપ કરવા મુળ જગા એ, વિપ્રે ખોળી કહાડીરે;
એકાંતે ડડકારણ્ય એ, વૃત્તિ થાય ન આડી. શોભા. ૭૭
માટે અનેક રૂષિયો ત્યાંતો, રહેતા કરીને મઠુરે;
જપ તપ કરતા નાઈ ધોઇને, એ વાત્રકની ત્રઠ. શોભા. ૭૮
જાબાલીને નિયમ એટલો, નિત્ય પુજે મહાદેવરે;
ત્યાર પછીથી અન્ન આરોગે, કરી શંભુની સેવ. શોભા. ૭૯
માટે એ જાબાલી રૂષિયે, ઊતકંઠા કરી ઉરરે;
માહાદેવ મ્હેંાંતિ અહિ પધરાવું,દીનહીન જઉ કયાં દુર. શો. ૮૦
પાણ્ચ ચડયુ પાસાણ તણુ એક, નક્કી કર્યું પ્રમાણુરે,
પુજા કરવા પધરાવ્યુ એ, ઊંતકઠા ધરી બાણ. શોભા. ૮૧
પુરી પ્રતિષ્ટા કરી પ્રેમથી, મ્હામુનિયો બોલાવીરે,
મહા વદી તેરસને દીન, મહાદેવ દીધા પધરાવી. શોભા. ૮૨
ઊતકઠાથી પધરાવ્યા, ઊતકટેશ્વર ધર્યું નામરે,
ઊતકટેશ્વરના ઊંટડીયા, સૌ કહે ઠામોઠામ. શોભા. ૮૩
જે દીન પધરાવ્યા તે દિન, તો જન્મનો જાણી લીધોરે;
જક્તવિષે જાબાલી રૂષિયે; તે દીન મેળો કીધો. શોભા. ૮૪
તે દીનથી તે શરૂ થયેલો, માહાદેવજીનો મેળોરે,
શિવરાત્રી દીન દેશ દેશનો, લોક થાય ત્યાં ભેળો.શોભા. ૮૫
રહેલુ વન એ બીહામણુ બહુ, રાત્રે નવ રહેવાયરે,
પણ દિન દિન ત્યા થયો સુધારો, ડર નવ લાગે કાય. શો. ૮૬
મહાદેવની સેવા કરવા રહે, પુજારી દિન રાતરે;
વિશેષ વસ્તિ થાય વળી હોય, સોમવાર વ્યતિપાત શોભા. ૮૭

પાઠ પુજા જપ તપ કરવાને, વાડવ રહે વિશેષરે;
વટેમાર્ગુ પણ ત્યાં રહે, આવતા જતા હમેશ. શોભા. ૮૮
મઠ પાછળ છે પડાળીઓ ને, ધર્મશાળાઓ ઝાઝીરે.
જગ્યા મોટી મધે ડેરૂ, રહ્યુ ગગનમાં ગાજી. શોભા. ૮૯
બાગબગિચા ફરતાં કીધા, રૂડાં રોપી ઝાડરે;
વનસ્પતિની પાછળ કીધી, કોટ સરીખી વાડ. શોભા. ૯૦
નયણે એ જગ્યા નીરખતા, નોતમ વાધે નુરરે,
ઊંતકટેશ્વરની આગળ ત્યા, આનદ ઉપજે ઉર. શોભા.રે ૯૧
ઊંટડીએથી વળી ઉગમણા, ત્રણ ગાઊ છે કેદારરે;
માહાદેવજીનુ મનમાન્યુ ત્યાં, એ પણ વન મોઝાર. શો. ૯૨
વાત્રક નદીની કેદારેશ્વર, ઠેઠ ઝાઝરી આવેરે,
સત્ય બરોબર ત્યા દીઠુ એ, ઝાંઝરી જળ ચઢાવે. શોભા. ૯૩
એ શિવ કેદારેશ્વરનુ તો, ધોરીંધર છે ધામરે,
એ દેરા જેવુ દુનિયામા, મળે ન બીજે ઠામ. શોભા. ૯૪
જેવું કેદારેશ્વરમા છે, તેવુ ઊંટડીયામાં સત્યરે,
પુર્વના કોઇ ભક્ત તણું ત્યાં, પશુ પતી એ રાખ્યુ પત્ય.શોભા.૯૫
ઊંટડીયાની જળાધારીમા, દુધ બરોબર ભરિયુરે;
કાશીમાં કાશીવિશ્વેશ્વર, માહાદેવમાં નિકળીયુ. શોભા. ૯૬
દર સગસની સાલે ત્રિદશ, કોટી દેવો આવેરે;
અતરીક્ષે રહી ઉટડીયાને, અદ્ધર ધ્વજા ચઢાવે. શોભા. ૯૭
બારે વરસે ધ્વજા ચડે ત્યાં, તે સૌથી દેખાયરે;
પ્રતક્ષ મેં એ પારખું જોયું, આ કલિયુગની માંય. શોભા. ૯૮

સંઘસ સાથે ઘણા ગાઉથી, આવે લોકના થોકરે;
અદ્ધર ધ્વજા ચઢતી જોતાં, શમે સરવના શોક. શોભા. ૯૯
ઊટડીયાની યાત્રા કરવા, લોકને થાય ઉમગરે;
સવત્સરમાં એક વખત ત્યાં, ભરાય ભારે શંઘ. શોભા. ૧૦૦
મહા મહિનાની માહારાત્રિ જે, શિવરાત્રિ કહેવાયરે;
તે ઉપર સૌ શઘો નિકળી, ઉતકટેશ્વર જાય. શોભા. ૧૦૧
એ મહિનામાં ખરા હિમની, ખરી પડે છે તહાડરે;
તોપણ ઊટડીએ યાત્રામાં, આવે વર્ણુ અઢાડ. શોભા. ૧૦૨
ઊટડીયાને મેળે જાવા, સૌને સરખો હર્ષરે,
મેઘની પેઠે વાટ જુવે સૌ, લોકો વર્ષો વર્ષ. શોભા. ૧૦૩
દુર દેશથી શઘ નિકળે, અનેક આવે લોકરે;
મેળામાં સૌ ભેળા થાયે, લોકો થોકા થોક. શોભા. ૧૦૪
દુર પથના અગાઉ નિકળી, આગળથી ત્યાં આવેરે,
કે ક જણા ત્યાં સેવક સાથે, ગાડી ઘોડા લાવે. શોભા ૧૦૫
વાત્રક ત્રટપર પટ પોળો છે, બહુ મોટો છે બેટરે;
ત્યા આગળ સૌ પડાવ પડતા, રક રાયને શેઠ. શોભા. ૧૦૬
જે જેને ગોઠે જ્યા જગ્યા, રાખે આણી ભાવરે,
વિચાર કરવા કોઈ રહે નહી, તર્તજ કરે પડાવ. શોભા. ૧૦૭
સાકડેમોકળે સમાસ કરતા, સરવે જોડા જોડરે,
ગાડા ગાડી ઘોડા સરવે, કરતા છોડા છોડ. શોભા. ૧૦૮
કઈક જણા ત્યાં તગુ ઠોકે, કઈ તાણે ત્યાં પાલરે,
કઈ ગાઠામાં ઘુવા કરતા, તરેહવાર સજી તાલ. શોભા. ૧૦૯

છડે છડા પણ આવી પડતા, પિછોડીના પટ તાણીરે;
મનુષ્યની બહુ થાય મેદની, જન મનરંજન જાણી. શો. ૧૧૦
તલપુર જગ્યા મળે ન ખોળી, કંઇ છીવાડા પડતારે;
કઈ પગથિયાં ઉપર ને કંઇ, ટીંબા ટેકરે ચડતા. શોભા. ૧૧૧
દશમને દીન દટ્ટી થાયે, અનેક આવે લોકરે;
થોક વિનાની મેળામા ભિડ, ભરાય થોકા થોક. શોભા. ૧૧૨
તોફાની તોફાંન કરે નહીં, લડે ન કો લડવાડરે,
બાર બાપની વેજા ને ત્યાં, ભરાય વર્ણ અઢાડ. શોભા. ૧૧૩
લાલ લબાડી લુચાઓ કોઈ, નડે ન મેળા માઇરે;
ચોરી ચાડી થાય ન માટે, ફરતા રહે સિપાઈ. શોભા. ૧૧૪
ગાયકવાડે કરી ગોઠવણ, ગાયકવાડી રાજ્યરે;
સઊને માંથે શિરોમણી છે, ગાયકવાડ માહારાજ. શો. ૧૧૫
રૈયતને કાંઈ દુઃખ પડે નહી, ફાવે ત્યાં ઊતરતારે,
ડર વિનાના વગડામાં પણ, અહોનીશ સઊ ફરતા. શો. ૧૧૬
માહાદેવ પાછળ બાર મુવાડાં, જબરૂ જેનુ જોરરે,
બાર મુવાડેથી આવે ઠીક, ઠાઠભેર ઠાકોર. શોભા. ૧૧૭
એ ઠાકોરનાં નામ સાંભળી, ચમ્મર છુટી જાયરે;
હાક ધાક વાગે એટલામાં, ચોરી તે કયાં થાય. શોભા. ૧૧૮
તેથી મેળામાં નવ લાગે, ડર કોઇને તે ઠામરે,
ઊંટડીએ ઉધાડે છોગે, હીંડે ઊછાળી દાંમ; શોભા. ૧૧૯
અવનવિ ઊંટડીએ શોભા, મેળા મધ્યે થાયરે;
રૂડા રાસડા દુહા વળીત્યાં, ગુણી જન ગાયન ગાય. શો. ૧૨૦

કંઇક જણા દુકાનો કાઢે, મોટું બને બજારરે;
મોટા મોટા વ્હેપારીની, દુકાન હારોહાર. શોભા. ૧૨૧
તરેહ તરેહનો માલજ અદર, તરેહવાર સઊ કામરે,
જુદા જુદા રગો બગો, દિસે ઠામો ઠામ. શોભા. ૧૨૨
નાટા રગો થાય નવાને, નિતનિત શોભા ન્યારીરે,
ખરેખરા ત્યાં ખેલો કરતા, મરકટ સાથ મદારી. શો. ૧૨૩
ટોળે ટોળા ધાય લોકના, જોવા માટે જાયરે;
ભારે ભીડાભીડ થાયને, કઈ મનમાં મકલાય. શોભા. ૧૨૪
સારા નરતા કઇ આવે કઇ, અમિર ને ઉમરાવરે,
દર્શનનો કોઈ દાવ ન ચુકે, લે લાખેણો લ્હાવ. શોભા. ૧૨૫
શિવરાત્રિ દીન મેળો મોટો, ભરાય વાત્રક તીરરે,
અલબેલો અપવાસ કરીને, નાહાતા નિર્મળ નીર. શો. ૧૨૬
નાઇ ધોઇ શુદ્ધ વસ્ત્રો પેહેરી, ખટ કર્મો સઊ કરતારે,
તે દહાડે સઊ દર્શન કરવા, દેવને દેવળ ફરતા. શો. ૧૨૭
દેવ ડુગરીને ઊટડીએ, કેદારેશ્વર જાયરે;
મેળામા ફરતા ભેળાં સૌ, સગાં સબધી થાય. શો. ૧૨૮
કોઇ મળવા કોઈ રળવા આવે, કોઈ જોવા કોઇ લેવારે,
કૈક જણા જઇ દર્શન કરતા, જ્યાં દેવાધી દેવા. શો. ૧૨૯
શિવરાત્રિ દીન ફરી ફરીને, સઊસઊનુ કરી કામરે;
થાકયા પાકયા જાય સરવ ત્યા, પોત પોતાને ઠામ. શો. ૧૩૦
સધ્યા કાળે શરૂ કરે પછી, રસોઇ કેરૂ કામરે;
દાળ ભાત લચપચતા લાડુ, કરતા ઠામોઠામ. શો. ૧૩૧

ફરી ફરીને થાકેલા, આખો દીન કરી અપવાસરે;
કઈ રાંધે કર, કઇ રધાવે બ્રાહ્મણોની પાસ. શોભા. ૧૩૨
મધરાત્રે તૈયાર થાય સઊ, પુરણ પુરી થાળરે;
મ્હા પુજા થઇ કે થાળો એ, ધરાવતા તતકાળ. શોભા. ૧૩૩
થાળ ધરાવી આવીને સૌ, હર હર મુખ ઓચરતારે,
જેજે ઊટડીયા માહાદેવ કહી, પછી પારણું કરતા. શોભા. ૧૩૪
એ દહાડે તો અનેક બ્રાહ્મણ, તનકુ કરતા તાઢુરે,
દક્ષણા માટે ફરી ફરી, ઠેર્યોઠેર જમતા લાડુ શોભા. ૧૩૫
ચૌદશનેદીન કરી પારણાં, મોટા પરોઢમાયરે;
સઊ સઊની સાહીત્ય સજી વળી, દર્શન કરવા જાય. શો. ૧૩૬
એ પરમાણે ઊટડીયામા, આનદ આનદ ઊરરે,
જેવા આવ્યા તે પરમાણે, પાછા જાય જરૂર. શોભા. ૧૩૭
દશમને દીન સગ ભરાયે, શિવરાત્રિ રહે ત્યાંયરે;
ચૌદશને દીન વિભુતી લેઇને, સઊકો થાય વિદાય. શો. ૧૩૮
જે રૂષિયો રહેતા એ વનમાં, તે બળ બુદ્ધિ અથાગરે,
અગ્નિ હોત્રી અહોનીશ એ, કરતા યગ્નિને યાગ. શોભા ૧૩૯
તે કુડામાં તેજ દિવસની, અગ્નિ તણી જે ભસ્મરે;
ડટણ થયેલી તે દીનની, કોઇ રૂષિયે દીઠી ચસ્મ. શો. ૧૪૦
તેહ મુનીએ ત્યાં આગળથી, વિભુતી ખોળી કાહાડીરે,
આ કળિયુગમા ભસ્મ ખરી એ, દુનિયાંને દેખાડી. શો. ૧૪૧
તે કારણથી ઊટડીયાની, વિભુતી વખણાયરે;
મેળાનાં ત્યાં સર્વે મનુષ્યો, ભસ્મજ લેતા જાય. શોભા. ૧૪૨

શંધ સરવ વેશાયા કેડે, સરકારી સહુ લોકરે;
સૌ સોના થાણુામાં જાતા, પડયા રહે ત્યાં કોક. શોભા. ૧
જેકો જાશે ઊતકંટેશ્વર, તેનુ ભાયગ ભળશેરે,
અડસટ તિરથની યાત્રાએ, ઊંટડીયામાં વળશે. શોભા. ૧
ત્રિપુરારિનાં દર્શન કરતાં, તાપ ત્રિવિધી ટળશેરે;
મોહ માયા અળગાં રહી અતે, મોક્ષ તણું પદ મળશે. શો. ૧
દેવ ડુગરી આ દુનિયામાં, સરવ દેવનુ ધામરે,
માટે ધરિયુ અવની માંહે, દેવ ડુગરી નામ. શોભા. ૧૪૬
જેવી ઇચ્છા માહેશ્વરની, તેવુ થયુ લખાણુરે;
જેના મનમાં જેવી બુદ્ધિ, તેવું કરે પ્રમાણુ. શોભા. ૧૪૭
ત્રવાડી મેવાડો બ્રાહ્મણ, કરૂ કથાનુ કામરે;
દયારામ પડયાનો દીકરો, મગનલાલ નિજ નામ. શોભા. ૧૪૮
મુળ ગામ રાઠોડવાસણા, તાલુકે દેહેગામરે;
હાલ નિવાસી અમદાવાદી, રાયપુરમાં મુકામ. શોભા. ૧૪૯
ઊંટડીયા માહાદેવ તણો આ, ગરબો જે જન ગાશેરે;
કહે મગન જેવી મન ઇચ્છા, તેવું ફળ તેને થાશે. શોભા. ૧૫૦
સંવત્સર સાઠની સાલ ને, માહા મહીનાની ચોથરે,
પુરણ થયુ પુસ્તક એ મોટી, માહાદેવજીની ઓથ્ય. શોભા. ૧૫૧
સકળ શ્રૃષ્ટીમાં એ શભુની, સદાય કરજયો સેવરે;
મગનવ્યાસ કહે બોલો જે જે, ઊંટડીયા માહાદેવ. શોભા. ૧૫૨

સમાપ્ત.